# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-10-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-દિવાળી ઉજવણી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણેય સેનાઓ વચ્ચેના અસાધારણ સંકલનને કારણે પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી હતી. પ્રધાનમંત્રીએ ગઈકાલે ગોવા અને કારવાર દરિયાકાંઠે INS વિક્રાંત પર નૌકાદળના કર્મચારીઓ સાથે દિવાળીની ઉજવણી કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ, INS વિક્રાંત, ભારતના સશસ્ત્ર દળોની ક્ષમતાઓ દર્શાવે છે. તેમણે કહ્યું કે INS વિક્રાંત માત્ર એક યુદ્ધ જહાજ નથી; તે 21મી સદીમાં ભારતની પ્રતિભા, દૃઢ નિશ્ચય અને વૈશ્વિક પ્રભાવનો પુરાવો છે. તેમણે કહ્યું કે INS વિક્રાંત આત્મનિર્ભર ભારત અને મેડ ઇન ઇન્ડિયાનું એક વિશાળ પ્રતીક છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે છેલ્લા દાયકામાં ભારતનું સંરક્ષણ ઉત્પાદન ત્રણ ગણું વધીને દોઢ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ભાગ્યશાળી છે કે તેઓ નૌકાદળના કર્મચારીઓ સાથે આ પવિત્ર તહેવારની ઉજવણી કરી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-દિવાળી-નુતન વર્ષ શુભેચ્છા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે રાજ્યના નાગરિકો અને વિશ્વભરમાં રહેતા ગુજરાતી પરિવારોને દિવાળી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી. તેમણે વિક્રમ સંવતના આ નવા વર્ષે સૌને નવા ઉત્સાહ, આનંદ અને સમૃદ્ધિના માર્ગે આગળ વધવાની પણ શુભેચ્છાઓ

આપી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું, ગુજરાત સૌના સાથ, સૌના વિકાસના દ્રષ્ટિકોણથી વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.

શ્રી પટેલે હરઘર સ્વદેશી, ઘરઘર સ્વદેશી અને વૉકલ ફૉર લૉકલના મંત્રથી આત્મનિર્ભર ભારતનો સંદેશ ઘરે—ઘરે પહોંચાડવા પણ લોકોને અપીલ કરી. આગામી પેઢીના વસ્તુ અને સેવા કર – GST ફેરફાર દ્વારા પ્રધાનમંત્રીએ દેશવાસીઓને બમણો આનંદ આપ્યો હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

---

## રાજ્ય કૃષિ સહાય:

રાજ્યમાં ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ભારે વરસાદને કારણે નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય અપાશે. સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકારને જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જિલ્લામાં પાક નુકસાનના અહેવાલ મળ્યા હતા.

આ પાંચેય જિલ્લાના 18 તાલુકાના 800 ગામમાં દિવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી, શાકભાજી અને કઠોળ પાકમાં તેમજ દાડમ જેવા બાગાયતી પાકને નુકસાન થયાનું જણાયું હતું. સરકારે આ પાંચેય જિલ્લા માટે કુલ 947 કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

---

## કચ્છ-ગાંધીજી કચ્છ યાત્રા શતાબ્દી :

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રથમ  અને એક માત્ર કચ્છ યાત્રાને આજે એકસો વર્ષ પૂરા થાય છે. 1925માં આજના દિને મુંબઈ થી સ્ટીમર દ્વારા કચ્છ તરફ પ્રયાણ કર્યું અને, બીજા દિવસે માંડવી બંદરે ઉતરી યાત્રાનો પ્રારંભ કર્યો હતો અને 4થી નવેમ્બરે તુણા થી તેઓએ યાત્રા પૂરી કરી હતી 15 દિવસ દરમ્યાન ગાંધીજીએ જીલ્લાના 6 તાલુકાને આવરી લીધા હતા. ગાંધીજીની કચ્છ યાત્રા શતાબ્દિની ઉજવણી થઈ રહી છે. જેનું સમાપન આગામી ગાંધીનિર્વાણ દિન 30 જાન્યુઆરીએ થશે.

---

# કચ્છ-દિવાળી પડતર દિવસ:

રંગબેરંગી રોશની દિવડાના ઝગમગાટ અને આતશબાજીની સાથે વિક્રમ સંવત 2081ના વર્ષને વિદાય આપી, પરંતુ ચંદ્ર વર્ષની ગણતરીએ વિક્રમ સંવત 2082ના વર્ષનો આરંભ આવતીકાલે થશે, એ બે વચ્ચેના દિવસને સામાન્ય ભાષામાં પડતર દિવસ કહેવાય છે, આજે કોઈ વ્રત, તહેવાર કે તિથિ નથી હોતી પડતર દિવસ પછી આવતીકલે શરૂ થનારા નૂતન વર્ષને વધાવવા પ્રજા તત્પર બની છે.

---

# પોલીસ બલિદાન-દિવસ:

આજે પોલીસ બલિદાન દિવસ મનાવવામાં આવી રહ્યો છે, પોલીસ સેવાના ઇતિહાસમાં હિંમત અને બલિદાનની સ્મૃતિમાં આ દિવસ મનાવાય છે. નવી દિલ્હી ખાતે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહિદ પોલીસ જવાનોને શ્રદ્ધાસુમન અર્પણ કરશે. કચ્છમાં પણ પોલીસદળ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

---

# અભિનેતા-અશરાનીનું નિધન:

હિન્દી ફિલ્મ જગતના જાણીતા અભિનેતા ગોવર્ધન અસરાનીનું ગઈકાલે બપોરે અવસાન થયું. તેઓ 84 વર્ષના હતા. સ્વ.અસરાનીને ચાર દિવસ પહેલા છાતીમાં પાણી ભરાઈ જતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચાર દિવસની સારવાર બાદ તેમનું મૃત્યુ થયું. તેમના નિધનથી હિન્દી ફિલ્મી જગત અને તેમના ચાહકોમાં દુખની લાગણી ફેલાઈ છે.

---

## કચ્છ-ભુજ બાંધણી કલા કરીગરને એવોર્ડ:

બાંધણી કળાના કારીગર ભુજના ખત્રી અબ્દુલ બસીર ફકીરમામદને રાજ્ય સ્તરનો 2024નો બાંધણી ટ્રેડિશનલ કારીગરી માટે એવોર્ડ જાહેર થયો છે. આ એવોર્ડ અંતર્ગત તેમને રૂા. 75 હજાર સાથે પ્રશસ્તિપત્ર અને શાલ એનાયત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તેમને 2018માં વર્લ્ડ ક્રાફ્ટ્સ કાઉન્સિલ કક્ષાનો પણ એવોર્ડ મળી ચૂક્યો છે.

---

## ક્રિકેટ-ICC-મહિલા વિશ્વ કપ-શ્રીલંકા/બાંગ્લાદેશ:

ICC મહિલા વિશ્વકપમાં શ્રીલંકાએ બાંગ્લાદેશને સાત રનથી પરાજીત કર્યું. શ્રીલંકાએ આપેલા 203 રનના લક્ષ્યાંક સામે બાંગ્લા દેશની  ટીમ 195 રન સુધી સીમિત રહી હતી.

---